ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

# શહેરના પ્રશ્નોની મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

## શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના પડતર પ્રશ્નોની અનેકવાર રજૂઆતો કરવા છતાં પરિણામ ન મળતાં મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા મુખ્યમંત્રી ને લેખિત માં અનેક પ્રશ્નો ને લઈને રજુઆત કરવામાં આવી છે જેમાં શહેર વસાહત મહાસંઘ નાં પ્રમુખ કેશરી સિંહ બિહોલા દ્વારા અનેક વાર રજૂઆતો કરવા છતાં પરિણામ ન મળતાં આ વખતે લેખિત માં અનેક પ્રશ્નો ની મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરાઈ છે જેમાં તેમણે જણાવ્યું છે કે

ગાંધીનગર શહેરમાં રહેતા કર્મચારીઓ ને સરકાર તરફથી પોતાનું મકાન બનાવવા રાહત દરે મળેલ પ્લોટ ને અગાઉની સરકારની નિતિ મુજબ કર્મચારીઓ સંજોગોવશાત્ વેચાણ કરવા માગતા હોયતો વેચાણ મંજૂર આપવામાં આવે,

ગાંધીનગર મહાનગર પાલિકા ને કામગીરીનો સંપૂર્ણ દરજ્જો મકાન ,જમીન ,શિક્ષણ ,આરોગ્ય ,પાણી વિજળી તમામ કામગીરીનો સરકાર તરફથી હવાલો સોંપવામાં આવે અપુરતી કામગીરીને કારણે શહેરના નાગરિકો ને પોતાના પ્રશ્નો બાબતે વિસંગતતા સર્જાતી હોવાથી કોઈ જવાબદારી લેવા તૈયાર થતું નથી અને સંબંધિત વિભાગોના સંકલનના અભાવે નાગરિકો ને સમસ્યાઓની રજુઆત ને બાય બાય ચાયણી જેવો ધાટ સર્જાય છે અને જવાબદારીઓ ને અભાવે સમસ્યાઓ નું નિરાકરણ થતું નથી. ગાંધીનગર શહેર અને મહાનગર પાલિકા નું વિકાસ અને વિસ્તરણ થયું હોવાથી હાલની સિવિલ હોસ્પિટલમાં પુરતી સગવડ સારવાર મળતી નથી નાગરિકો ને ખાનગી દવાખાના તથા બહું સિરિયસ દર્દી ઓને સાધનો તથા સ્ટાફનાં અભાવે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે તાત્કાલિક સારવાર ને અભાવે ધણા દર્દીઓ નું અધવચ્ચે રસ્તામાં મોત થઈ જાય છે ગાંધીનગર શહેરના તેમજ આજુબાજુના ગામોના નાગરિકો ને પુરતી સારવાર મળી શકે તેવા હેતુસર ગાંધીનગર શહેરના મધ્ય ભાગમાં અધતન પુરતી સારવાર સાથેની નવી હોસ્પિટલ બનાવવામાં આવે જેથી શહેરના ગરીબ મધ્યમ વર્ગને લાભ મળી શકે ગાંધીનગર શહેરના સેકટરમાં સરકારી દવાખાના પુનઃ શરૂ કરવામાં આવે જેથી સિનિયર સિટીઝનને શરદી, તાવ, ઉધરસ જેવા સામાન્ય દર્દનો ઈલાજ ઘર આગણે મળવો જોઈએ,

ગાંધીનગર શહેરના નવ વિકસિત સેકટરમાં તથા મહાનગર પાલિકા વિસ્તારમાં સરકારી માધ્યમિક સ્કૂલો બનાવવામાં આવે જેથી ગરીબ મધ્યમ વર્ગના બાળકો ભણી શકે, ગાંધીનગર શહેરમાં પાણીની ખુબજ મુશ્કેલીઓ છે પુરતા ફોર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે, ગાંધીનગર શહેરના જાહેર રોડ, આંતરિક રસ્તાઓ ,વૉકિંગ માટેની ફુટપાથ ચોમાસામાં વરસાદ ને કારણે પડેલા ભુવાઓ મરામત કરવા તથા સેકટરમાં રહેણાંક વિસ્તારમાં આવેલા રોડ રિસરફેસ કરવામાં આવે, ગાંધીનગર શહેરમાં વિકટમા વિકટ સમસ્યા શહેરના જંગલ ઝાડીઓ વિસ્તારમાં આવેલા ઝુંપડપટ્ટી ઓના દબાણ દૂર કરવા ની માંગણી કરી છે. ગાંધીનગર શહેરના પુર્વ દિશામાં સાબરમતી નદી આવેલછે જેના પર સંત સરોવર બાધવામાં આવ્યો છે જેમાં ચોમાસામાં વધુ વરસાદ હોય ત્યારે પાણી ભરાય છે જે બે ત્રણ મહિના સુધી રહેશે અને સુકાઈ જાયછે આથી નદી સૂકીભઠ રહેશે જેમાં રેતીખનની પવૃતિઓ થાય છે અને મોટા ખાડા પડે છે આ નદીને નર્મદાનુ પાણી ઠાલવી ને સંત સરોવર ડેમ ભરી આજુબાજુના કોતરોને પારા બાધી તથા બાધકામ બાગબગીચા વૉટરપાર્ક હોડી ઉધાનમાં વિકસાવી અમદાવાદ શહેરની જેમ ગાંધીનગર મહાનગર પાલિકાની હદ સુધી પીકનીક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો સરકાર ને પણ આવક થઈ આર્થિક ફાયદો થશે, ગાંધીનગર શહેરોમાં દિનપ્રતિદિન નાની મોટી ચોરીઓ ગુનાખોરી ટ્રાફિક વ્યવસ્થા નશીલા પદાર્થ વગેરે ગુનાઓ બનવા પામે છે જે ડામવા સમયાંતરે શહેરના નાગરિકો સાથે જિલ્લાના પોલીસ વડા બેઠકો કરી નાગરિકોના સહકાર લેવામાં આવે અને પોલીસ પટોલીગ સધન બનાવવામાં આવે, ગાંધીનગર આજુબાજુના ગામોની જમીન સંપાદન કરવામાં આવી છે પરંતુ હજુ અસરગ્રસ્ત ખેડૂતોના મળતા લાભો થી કેટલાક ખેડૂતો વંચિત છે તેઓના પ્રશ્નો નુ કલેકટર દ્વારા બેઠક કરી નિરાકરણ લાવવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે, ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ચુંટાયેલા કોર્પોરેટરો ને શહેરના વિકાસ માટે મળતી ગ્રાન્ટ નો ઉપયોગ શહેરના નાગરિકોની સુખાકારી સગવડો માટે વપરાય તે જરૂરી છે, ગાંધીનગર શહેરના વિકાસના નામે આડેધડ કાપવામાં આવતા વૃક્ષો ને બંધ કરી જરૂર પૂરતાં વૃક્ષો કાપી નવા વૃક્ષો ને ઉછેરવામાં આવે તેવી વનવિભાગ ને સુચના આપવામાં આવે, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ શહેરના નાગરિકોના પ્રશ્નોની સરકારી રજુઆત કરતી શહેરની બિનરાજકીય સંસ્થા છે આથી જીલ્લાના કલેકટરના અધ્યક્ષ પદે અવારનવાર લોક દરબાર બેઠક યોજાય છે જેમાં લોક પ્રતિનિધિ તરીકે નાગરિકોની સમસ્યાઓને રજુ કરી નિરાકરણ લાવી શકાય તેવા હેતુસર સંસ્થાના બે હોદેદારો ને સંકલન સમિતિના પ્રતિ નિધિ તરીકે સ્થાન આપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી.

## કુડાસણ પ્રાથમિક શાળામાં નિ:શુલ્ક સ્વ-રક્ષણ સેમિનાર યોજાયો





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા એ સેવાકીય ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે ત્યારે ગાંધીનગર ખાતે કુડાસણ પ્રાથમિક શાળામાં સ્વ-રક્ષણ સેમિનારનું નિઃશુલ્ક આયોજન પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટનાં લક્ષ્મીબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્વ-રક્ષણ સેમિનારમાં અલગ-અલગ ટેકનીક્સ જેમકે, અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ વિશે સ્કૂલના બાળકો અને દિકરીઓને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા માહિતી આપી તેમને જાગૃત કરવામાં આવ્યાં હતાં અને પ્રેક્ટિકલી બતાવી તાલીમ આપવામાં આવી હતી સાથે સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે તથા શાળાના આચાર્ય રમીલાબેન રાવલે અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

## પણજી ખાતે નેશનલ ફોટો પ્રદર્શનમાં ગાંધીનગરના ફોટોગ્રાફર ઝળક્યા



ગોવાના પણજી ખાતેની એન્ટેન્ટમેન્ટ આર્ટ ગેલેરી ખાતે તા.૧૩થી ૧૫ સપ્ટેમ્બરના રોજ નેશનલ આર્ટ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફોટોગ્રાફી તથા ચિત્રકામ સહિત ગુજરાત સહિત દેશ ભરમાંથી કુલ ૪૧ કલાકારોએ પ્રદર્શનમાં પોતાની કૃતિઓ રજૂ કરેલ છે તા. ૧૩/૯/૨૦૨૨ ના રોજ ગોવાના ડીજીપી જશપાલસિહના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ગાંધીનગરના જાણીતા તસવીરકાર નિકુંજ વૈશ્યક, સુરેશ શાહ તથા ચિત્રકાર દર્શના લશ્કરીએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી છે. જેઓનું કૃતિઓને ખૂબ સારો પ્રતિભાવ મળી રહેલ છે. તા.૧૫ સપ્ટેમ્બર સુધી પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. ભાવનગરના કલાકારો અશોકભાઈ પટેલ, અજય જાડેજા, અજય ચૌહાણ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ છે.



વૃંદાવન અનુદાનિત નિવાસી શાળામાં શાળાના ૩૯ વર્ષ પૂર્ણ થતા શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સમાજ કલ્યાણ અધિકારી, સી.આર.સી ભગવતીબેન તેમજ ગામના અગ્રણી મહાનુભાવો હાજર રહ્યા હતા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

## જે.બી.પ્રાથમિક શાળા દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃતિ યોજાઈ





ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૬ના વિદ્યાર્થીઓ માટે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રવૃતિમાં અલગ અલગ વેસ્ટ વસ્તુઓમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુજીયમ દર વર્ષે સમગ્ર દેશના તમામ રાજયોની શાળાઓ માટે વિજ્ઞાન નાટક સ્પર્ધાનું આયોજન કરે છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા મહાત્મા ગાંધી વિદ્યાલય,સેક્ટર-૧૬ ખાતે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાઈ ગયો. જેમાં ૧૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે મહાત્મા ગાંધી વિધ્યાલયના નિયામક નટુભાઈ લાડાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડો.અનિલ પટેલ, સર્વ શિક્ષા અભિયાનના અધિકારી હિતેન્દ્ર જોશી,નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત અને નિતિન પટેલ તથા શાળાના આચાર્ય હસમુખ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલ, આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલ, શ્રી જે.એમ.ચૌધરી પ્રાઈમરી સ્કૂલ, એમ.બી.પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, એસ.જી.ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, એમ.એચ વિધ્યામંદિર, ડભોડા, એસ.વી.ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કુલ,શ્રી જે.બી.પ્રાઈમરી સ્કૂલ, આર.જી.પટેલ સ્કૂલ, આર.સી.પટેલ સ્કૂલ, જે.એમ.ચૌધરી માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

માનવ કલ્યાણના વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનૉલોજી વિષયને ધ્યાનમાં રાખી વેક્સિનની વાર્તા, જીવનની ગુણવતા સુધારવા વિજ્ઞાન, મૂળભૂત વિજ્ઞાન અને ટકાઉ વિકાસ જેવી બાબતોને આવરી લઈ બાળકોએ નાટકો રજૂ કર્યા. જેમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ પ્રથમ ક્રમે, શ્રી જે.એમ.ચૌધરી હાયર સેકન્ડરી સ્કૂલ બીજા ક્રમે તથા એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલ ત્રીજા ક્રમે વિજેતા થઈ હતી. પ્રથમ ક્રમે આવેલ શાળા હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ તમામ શાળાઓને ભાગ લેવાના મોમેન્ટો તથા તમામ વિધ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનીત કરવામાં આવશે.

## જે.એમ. ચૌધરી કેમ્પસમાં જિલ્લા કક્ષાના રમતોત્સવનો શુભારંભ



ગાંધીનગર, તા.૧૩

૩૬મી નેશનલ ગેમ્સના આયોજન પૂર્વે ગાંધીનગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શ્રી. જે.એમ. ચૌધરી કોલેજ કેમ્પસમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, જે.એમ. ચૌધરી કોલેજના પ્રમુખ હરીભાઈ ચૌધરી, નાયબ મ્યુનિ. કમિશનર ગુણવંતસિંહ સોલંકી, કેયૂર જેઠવા તથા કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ તેમજ પદમસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા તથા જિલ્લા રમતગમત વિકાસ કચેરીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ખેલ મહાકુંભમાં જિલ્લાનું નામ રોશન કરનાર વિવિધ કોલેજ તથા શાળાઓને ચેક તથા ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નેશનલ ગેમ્સ એન્થમ તેમજ મેસ્કોટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત તમામે ફીટ ઈન્ડિયાના શપથ લીધા હતા. હજારોની સંખ્યામાં રમતવીરોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોના હસ્તે ટોસ ઉછાળીને સ્પર્ધાઓની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, "રમત એ શરીરની સાથે માનસિક સ્વાસ્થ માટે ખુબ જરૂરી છે. માન. પ્રધાનમંત્રી દ્વારા ખેલમહાકુંભ થકી ગુજરાતમાં સ્પોર્ટ્સને નવી દીશા આપવાનું કામ કરવામાં આવ્યું છે અને આજે ગુજરાતને પ્રથમ વખત નેશનલ ગેમ્સનું આયોજન કરવાની તક મળી છે જે ખુબ આનંદની વાત છે.

સામાન્ય રીતે નેશનલ ગેમ્સના આયોજન માટે ૪ વર્ષ જેટલો સમય લાગે છે પરંતુ ગુજરાત દ્વારા માત્ર ૩ મહિનાના ટૂંકાગાળામાં સફળ આયોજનનું બીડુ ઝડપવામાં આવ્યું છે તે સૌ માટે ગૌરવની બાબત છે."

## સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસના મેગેઝીન ઉડાનનું વિમોચન

ગાંધીનગર, તા.૧૩


બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે યોજાયેલ એલિસબ્રિજ યુથ ફેસ્ટિવલ કલાકુંભમાં સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસના વાર્ષિક મેગેઝીન ઉડાનનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ મેગેઝીનનું વિમોચન ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર ડો. જગદીશભાઈ ત્રિવેદી, ગુજરાતી યુનિવર્સિટી ડિરેક્ટર ઓફ યુથ વેલફેર વી. કે. ચાવડા, કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડિરેક્ટર ભરતકુમાર તથા ડો. એમ ડી પાંડે, સમર્પણ કોલેજના પ્રિન્સિપલ ડો રાજી ડેનિસ, ડો. દીપક પંડ્યા, તથા ડો. પંકજ પંડ્યા અને બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ અને કોમર્સના પ્રિન્સિપાલ ડો. રવીન્દ્ર ગોલ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી


સૌમ્ય ભાવિન પટેલ


ચંદ્રકાન્ત મહેતા
મો. ૯૪૨૭૦ ૦૫૦૧૯


સતિશ પ્રજાપતિ


હરિસિંહ કે માજીરાણા
મો. ૮૩૪૭૧ ૮૨૯૯૪


પાર્થ
મો. ૭૨૦૧૯૫૬૨૮૩


રેયાંશ અનંત પટેલ


કેયા જયદીપ ખરાડી


નાયરા કેતુલભાઈ પટેલ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મેવાડા જીતેન્દ્રકુમાર ગોવિંદભાઈ ઉ.વ.૫૩, સેકટર-૨૨
- સ્વ.ઠાકોર બાલુબેન હરીભાઈ ઉ.વ.૮૦, સેકટર-૧૧, છાપરા
- સ્વ.રાઠોડ બેચરજી જવાનજી ઉ.વ.૭૦, લોદરા માણસા
- સ્વ.વણઝારા રાજુબેન નાનજી ઉ.વ.૭૩, ચરેડી છાપરા
- સ્વ.ઠાકોર નટુજી મથુરજી ઉ.વ.૭૦, બોરીજ

● રુદ્રભૂમિ ●

- સ્વ.રબારી મેરાજભાઈ સરતાનભાઈ ઉ.વ.૬૩, શાહપુર